
QRickit
0224CH04

# ૪ પડછાયાની વાર્તા (તોગલુ)




નકુલ અને તેના મિત્રોએ ગામના મેળામાં ‘તોગલુ ગોમ્બેયતા’ તરીકે ઓળખાતું એક છાયાનાટક જોયું. તે બધા પડછાયાને જોઈને મોહિત થઈ ગયા.

તેઓ પણ પડછાયા બનાવવા માંગતા હતા. તેથી, તેઓએ તેમની આંગળીઓથી દીવાલ પર જુદાં જુદાં પ્રાણીઓના પડછાયા બનાવ્યા. તમે પણ પડછાયા બનાવવાનો પ્રયત્ન કરી શકો છો. બાજુમાં કેટલાંક ઉદાહરણો આપેલાં છે.



બાળકોને કર્ણાટકની પ્રખ્યાત ‘તોગલુ ગોમ્બેયતા’ કે જે એક કઠપૂતળીની કળા છે તે વિશે માહિતગાર કરો. કઠપૂતળીઓનો ઉપયોગ ભારતીય મહાકાવ્યોના દૃશ્યો દર્શાવવા માટે થાય છે. બાળકોને કઠપૂતળીનો શો જોવાના તેમના અનુભવોની પણ વર્ગમાં ચર્ચા કરાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો કરીએ

જુદાં જુદાં પ્રાણીઓના પડછાયા બનાવડાવીને તેમના અવાજ કાઢવાની ભૂમિકા ભજવો.


## ચાલો વાતચીત કરીએ

ક. શું તમે તમારો પોતાનો પડછાયો અથવા ઝાડ, કૂતરો, ગાય અથવા અન્ય કોઈ પ્રાણીનો પડછાયો જોયો છે?

ખ. આપણે ક્યારે પડછાયો જોઈએ છીએ?

ગ. પડછાયો ક્યારે અદૃશ્ય થઈ જાય છે?

### પડછાયા સાથે મજા



હવે હાથબત્તી(ટૉર્ચ)નો પ્રકાશ તમારી આસપાસની વસ્તુઓ પર પાડો અને તેમના પડછાયાના આકારનું અવલોકન કરો.

ક. શું હાથબત્તીની સ્થિતિ બદલતાં પડછાયાનું કદ બદલાશે?

ખ. દિવસના કયા સમયે તમારો પડછાયો સૌથી લાંબો હોય છે?

ગ. દિવસના કયા સમયે તમારો પડછાયો સૌથી ટૂંકો હોય છે?


દિવસના જુદા જુદા સમયે તેમના પડછાયા પરના તેમના નિરીક્ષણો અને તેની પાછળનાં કારણો વિશે બાળકો સાથે ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, અનુરેખણ (ટ્રેસ) કરીએ

ક. તમારી આસપાસની વસ્તુઓના આકારનું અનુરેખણ કરો. ઉદાહરણ તરીકે, ભૂંસવાનું રબર, પાંદડું, દીવાસળીની પેટી, સીસાપેન (પેન્સિલ)ની અણી કાઢવાનો સંચો, રંગીન સીસાપેન વગેરે.



ખ. અનુરેખણ કર્યા પછી તમને જે આકાર દેખાય છે તે દોરો.

## ચાલો વિચારીએ

સરખા અનુરેખણવાળી વસ્તુઓનાં નામ લખો.

ક. બાટલીનું ઢાંકણ

ખ. ભૂંસવાનું રબર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# સંતાકૂકડી

વર્તુળ ◯ અને લંબચોરસ ▭ સંતાકૂકડી રમી રહ્યાં છે. લંબચોરસ વર્તુળથી છુપાયેલો છે.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તે બધાં હવે સાથે રમી રહ્યાં છે.

ક. વર્તુળ ◯ સંતાઈ શકે છે ઘડિયાળમાં, દડામાં, __________, __________.


ખ. લંબચોરસ ▭ સંતાઈ શકે છે પગરખાંના ખોખામાં, ફોટોફ્રેમમાં, __________, __________.

ગ. પરંતુ ત્રિકોણ △ અને ચોરસ □ મૂંઝવણમાં છે અને આશ્ચર્યચકિત છે કે, હવે ક્યાં છુપાઈ જવું! તમે તેમને કેટલીક જગ્યાઓ સૂચવો જ્યાં તેઓ છુપાઈ શકે.

૧. ત્રિકોણ △ સંતાઈ શકે છે __________, __________.

૨. ચોરસ □ છુપાઈ શકે છે __________, __________.


## સાદડીને રંગ કરો



ત્રિકોણમાં લાલ રંગ કરો.



વર્તુળમાં લીલો રંગ કરો.



લંબચોરસમાં પીળો રંગ કરો.



ચોરસમાં વાદળી રંગ કરો



## જુદા-જુદા આકારોથી તમારી પોતાની રચના (ડિઝાઇન) બનાવો અને તેમાં રંગ પૂરો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ખૂણાને પકડો!

નવીન અને તેના મિત્રો એક રમત રમી રહ્યા છે. નવીન દીવાલ તરફ મોઢું કરીને ઊભો છે અને તાળી પાડી રહ્યો છે. તાળી પાડતી વખતે તેના મિત્રો મેજની આસપાસ દોડી રહ્યા છે. જ્યારે તે તાળી પાડવાનું બંધ કરે છે, ત્યારે દરેક જણ અટકી જાય છે. જે બાળક ખૂણા પર નથી તે રમતની બહાર થઈ જશે. પછી બહાર થયેલ બાળક તાળી પાડશે અને રમત ચાલુ રહેશે.




## ચિત્રને જોઈને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

ક. મેજના ખૂણા પાસે ઊભેલાં બાળકોનાં નામ આપો.


ખ. શું તમે કહી શકો કે હવે પછી કોણ તાળીઓ પાડશે?

ગ. વસીમ ક્યાં ઊભો છે?


ઘ. શું આ રમત ગોળ મેજની આસપાસ રમી શકાય કે નહીં? શા માટે?

ચ. આપણી આસપાસની સીધી ધાર ધરાવતી વસ્તુઓનાં નામ આપો.

છ. આપણી આસપાસની ઘણી વસ્તુઓની ધાર વળેલી હોય છે. કેટલાંક ઉદાહરણો નીચે આપ્યાં છે. તમારી આસપાસ જોવા મળતી આવી વસ્તુઓ શોધો અને એકબીજાને કહો.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




## ચાલો, વિચારીએ

ક. વળેલી ધારવાળી વસ્તુઓને કેટલા ખૂણાઓ હોય છે?

ખ. સીધી અને વળેલી એમ બન્ને પ્રકારની ધાર ધરાવતી વસ્તુઓનાં નામ આપો.

### ઓરિગામીની મજા!



ક. એક કાગળ લો અને તેને વાળીને એક ચોરસ કાગળ બનાવો.

ખ. તેને ☐ ખૂણા અને ☐ ધાર છે.

ગ. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે ખૂણાને જોડીને તેને અડધું વાળો.

ઘ. તમને જે આકાર મળે છે તેના પર ✓ ની નિશાની કરો.

(૧) ●  (૨) ■  (૩) ▲


ચ. આ આકારમાં ☐ ખૂણા અને ☐ ધાર છે.

છ. ત્રિકોણ બનાવવા માટે કાગળને ફરીથી અડધા ભાગમાં વાળો અને પછી તેને ખોલો.

જ. હવે ત્રિકોણના બે ખૂણેથી બે ત્રિકોણ બનાવો.

ઝ. હવે કેટલા ખૂણા છે? ☐

ટ. ત્રીજા ખૂણાને ઉપરની તરફ વાળીને આકૃતિમાં બતાવ્યા પ્રમાણે નાક અને આંખો બનાવો.

તમારો કાગળનો કૂતરો તૈયાર છે! 

શું તમે ચોરસ કાગળને એવી રીતે વાળી શકો છો કે જેથી ૪ બાજુવાળી આકૃતિ બનાવી શકાય? હવે તેને કેટલા ખૂણા છે?

બાળકોને તેમની આસપાસ જોવા મળતી વિવિધ વસ્તુઓની ધાર, ખૂણાઓ અને બાજુઓની સંખ્યા શોધવા માટે કહો.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પેટર્ન

ક. બાટલીનું ઢાંકણ, ભૂંસવાનું રબર, સીસાપેન, સિક્કા વગેરે જેવા જુદા જુદા આકારની વસ્તુઓની છાપથી ડિઝાઇન બનાવો.




ખ. રાધા તેના હાથ પર મહેંદી લગાવી રહી છે. તમે પણ તમારા હાથની છાપ કાગળ પર પાડો અને તેમાં મહેંદીની ડિઝાઇન બનાવો.








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો કરીએ

નિત્યા પાંદડાં સાથે રમી રહી છે અને પૅટર્ન બનાવી રહી છે.



હવે તમે પણ કેટલાંક પાંદડાં ભેગાં કરી એક પૅટર્ન બનાવો. પાંદડાંની એક બાજુ રંગીને તેને નીચે આપેલી જગ્યા પર છાપો.


## પ્રોજેક્ટ કાર્ય


તમારા વડીલોની સહાયથી તમારા ઘર અથવા વર્ગખંડને સુશોભિત કરવા માટે તમે વિવિધ આકારના કાગળ કે કપડાના ટુકડાઓનો ઉપયોગ કરો અને તેને દીવાલ પર લટકાવો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


નીચેની પેટર્ન આગળ વધારો.


ક. 

ખ. 

ગ. 


ઘ. 

ચ. 

છ. 

જ. કખ ખગ ગઘ

ઝ. 


ટ. 




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કિકુ સસલું ચોથી લાદી પર કૂદકો લગાવે છે. તે ભૂલી ગયો કે હવે પછી ક્યાં કૂદકો મારવો. આગળની લાદી પર વર્તુળ ◯ દોરીને તેને મદદ કરો.

૧, ૪, ______, ______, ______, ______, ______, ______




કિકુની માતા પણ છઠ્ઠી લાદી પર કૂદકો લગાવે છે. આગળની લાદી પર ✕ ની નિશાની કરીને તેની મદદ કરો.

૧, ૬, ૧૧, ______, ______, ______, ______, ______

## ચાલો કરીએ

નીચેની પેટર્નને આગળ વધારો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક. ૫, ૧૦, ૧૫, | | | | | |
| ખ. ૭, ૧૪, ૨૧, | | | | | |
| ગ. ૧, ૭, ૧૩, | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in